GJPM130003762021

Presented on : 17-11-2021
Registered on : 17-11-2021
Decided on : 01-04-2026
Duration : 4 years, 4 months, 14 days

**મે.શ્રી જજ લેબર કોર્ટ તથા જયુડી.મેજી.(ફસ્ટ.ક.)સાહેબની કોર્ટમાં, મુ. ગોધરા**

**ફો.કે.નં.: ૭૩/૨૦૨૧**

**-: આંક-૧ નીચે હુકમ:-**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ છે. જે **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ-૬૮(ડી)(૧૬)** ના ઉલંઘનની ફરીયાદ દાખલ થયેલ છે. ફરીયાદ દાખલ થયા બાદ કોર્ટ ધ્વારા વારંવાર સમન્સો તેમજ વોરંટ કાઢવામાં આવેલ છે. તેમજ છતાં ફરીયાદ પક્ષ આરોપીને હાજર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૨) વધુમાં આ કામે આ કામના ફરીયાદીને સમન્સ તેમજ વોરંટ કાઢતા હાજર રહેલા નથી.

(૩) વધુમાં આ કામના ફરીયાદી જાતે હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. સદર કેસમાં આરોપીનુ કોઈ ચોકકસ સરનામુ રજુ કરી શકેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી ભવિષ્યમાં પણ તેઓનું સરનામુ રજુ કરી શકે તેવી સ્થિતિમાં નથી. જયારે આવા કેસો કોર્ટમાં આરોપીનું સરનામુ નહી રજુ કરતા કેસની કાર્યવાહી આગળ વધી શકેલ નથી.

(૪) આમ, ફરીયાદ પક્ષ જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમાં કાયદાકીય જોગવાઈને આધિન ફરીથી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી મળી આવતા ન હોઈ તેમજ ફરીયાદ પક્ષ આરોપીનું નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. ફરીયાદ પક્ષ જયારે આરોપી તથા તેનું સરનામુ મળી આવે ત્યારે કાયદાકીય જોગવાઈને આધિન

ફરીથી નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામે કાર્યવાહી હાલ પુરતી બંધ કરી  હાલનો કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ  તા.**૦૧** માહે. **એપ્રિલ,** સને–**૨૦૨૬**  ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૧/૦૪/૨૦૨૬**
**સ્થળ:– ગોધરા**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**મજુર અદાલત , ગોધરા.**